RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 164, Dt.25-09-2024 Wednesday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# હિંમતનગર નજીક ભયાનક અકસ્માતમાં ૭ના મોત

## આજે વ્હેલી સવારે અમદાવાદ – ઉદેપુર નેશનલ હાઈવે પર હિંમતનગર પાસે કાર ટ્રેલર પાછળ ઘુસી જતાં ઘટનાસ્થળે જ સાતેયના મોત : મૃતક તમામ અમદાવાદના : શામળાજીથી અમદાવાદ આવી રહ્યા હતા : ડ્રાઈવરને ઝોકુ આવી જતા દુર્ઘટના : કારનો કચ્ચરઘાણ : કારને કટરથી કાપી લાશો બહાર કઢાઈ

**મુખ્ય સમાચાર,હિંમતનગર**

હિંમતનગર સાબરકાંઠામાં હિંમતનગર સહકારી જીન પાસે ગોઝારો અકસ્માત સર્જાયો છે. આ ગમખ્વાર અકસ્માતમાં ૭ લોકોનાં મોત નીપજયાં છે. ટ્રેલર પાછળ કાર ઘૂસી જતાં ૭ લોકોનાં ઘટના સ્થળે જ મોત નીપજયાં છે, જયારે એકની હાલત ગંભીર છે.

મળતી માહિતી અનુસાર, શામળાજીથી અમદાવાદ જતાં અકસ્માત નડ્યો હતો. તમામ મૃતકો અમદાવાદના હોવાનું સામે આવ્યું છે. જયારે ફાયર વિભાગની મદદ લેવાઈ રહી છે અને પોલીસનો કાફલો ઘટના સ્થળે પહોંચ્યો છે.

આ ગમખ્વાર અકસ્માતમાં ૭ લોકોનાં ઘટના સ્થળે જ મોત નીપજયાં હતા. જયારે ગંભીર રીતે ઘાયલ એક વ્યક્તિ હિમતનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

કાર અને ટ્રેલર વચ્ચે થયેલા અકસ્માતમાં કારનો કચ્ચરઘાણ વળી જતાં અંદર ફસાયેલા લોકોને બહાર કાઢવા માટે ફાયર વિભાગની મદદ લેવામાં આવી હતી. આખી કાર કટર વડે કાપીને લાશો બહાર કાઢવામાં આવી હતી.લગભગ દોઢ-બે કલાકના રેસ્કયૂ બાદ લાશો બહાર કાઢવામાં આવી હતી. જયારે પોલીસ દ્વારા મૃતકોની ઓળખ અંગે તપાસ કરવામાં આવી રહી છે.

માહિતી મળતાં જ પોલીસ પહોંચી અને ઘાયલોને હોસ્પિટલમાં દાખલ કર્યા, જયાં તેની હાલત નાજુક હોવાનું કહેવાય છે. કાર ચાલકને ઊંઘ આવતી હોવાને કારણે આ અકસ્માત થયો હોવાની આશંકા છે. હાલ પોલીસ ઘટનાના કારણોની તપાસ કરી રહી છે.

પોલીસના જણાવ્યા અનુસાર કારમાં કુલ ૮ લોકો હતા અને તેઓ શામળાજીથી અમદાવાદ જઈ રહ્યા હતા. ઘાયલ અને મૃતકોની ઓળખ કર્યા બાદ પોલીસે તેમના પરિવારજનોને જાણ કરી છે. આ સાથે મૃતકોના મૃતદેહને કબજે કરીને પોસ્ટમોર્ટમ માટે મોકલી દેવામાં આવ્યા છે. આ અકસ્માત સવારે સાડા ચાર વાગ્યાની આસપાસ થયો હોવાનું કહેવાય છે. પોલીસના




જણાવ્યા અનુસાર આ અકસ્માતમાં કારને ભારે નુકસાન થયું છે. અનુમાન છે કે અકસ્માત સમયે ઝડપ ૧૨૦ કિમી પ્રતિ કલાકથી વધુ હશે.

કારણ કે કારનો આગળનો ભાગ પાછળથી ટ્રકમાં ઘૂસી ગયો હતો. આથી પોલીસ અને ફાયર વિભાગના કર્મચારીઓએ ભારે જહેમતથી કાર કાપી લાશને બહાર કાઢી હતી. સાબરકાંઠાના એસપી વિજય પટેલના જણાવ્યા અનુસાર ઘટનાની માહિતી મળતા જ પોલીસ ટીમ ઘટનાસ્થળે રવાના થઈ હતી. પોલીસે તાત્કાલિક ઈજાગ્રસ્તને કારમાંથી બહાર કાઢીને હોસ્પિટલ લઈ ગઈ હતી. વાહનમાંથી મૃતદેહોને બહાર કાઢ્યા બાદ તેમને પોસ્ટમોર્ટમ માટે મોકલી દેવામાં આવ્યા છે. તેમણે કહ્યું કે ઘાયલ અને મૃતકોની ઓળખ થઈ ગઈ છે. મૃતદેહો આવ્યા બાદ તેનું પોસ્ટમોર્ટમ કરવામાં આવશે.

# રાહુલ ગાંધીનો પાસપોર્ટ જપ્ત કરવા ભાજપના સાંસદની માંગ

## કોંગ્રેસના નેતાને દેશ બહાર જઈને દેશનું અપમાન કરવાનો અધિકાર નથી





**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

હાલમાં જ અમેરિકા મુલાકાત દરમ્યાન કરેલા વિધાનો બદલ રાહુલ ગાંધી ભાજપ અને સરકારના નિશાન પર છે તે સમયે હવે ભાજપના નેતા સી.પી. જોષીએ રાહુલ ગાંધીનો પાસપોર્ટ જપ્ત કરવા લોકસભા અધ્યક્ષ ઓમ બીરલાને પત્ર લખ્યો છે.

જો કે કોંગ્રેસે વળતા જવાબમાં કહ્યું કે લોકસભા અધ્યક્ષ પાસે પાસપોર્ટ ઈસ્યુ કરવાની કે જપ્ત કરવાની કોઈ સત્તા નથી. સી.પી. જોષીએ લોકસભા અધ્યક્ષને લખેલા પત્રમાં જણાવ્યું છે કે રાહુલ ગાંધીના અમેરિકામાં કરાયેલા ભાષણથી દેશમાં આમ નાગરિકોને પણ વિરોધ છે. દેશ બહાર જઈને દેશનું અપમાન કરવાનો અધિકાર રાહુલ ગાંધીને કોણે આપ્યો? તે પ્રશ્ન છે. મે લોકસભા અધ્યક્ષને પત્ર લખીને તેમનો પાસપોર્ટ જપ્ત કરવા માંગણી કરી છે. જો રાહુલ ગાંધી તેમના વિધાનો બદલ માફી માગીને વિપક્ષના પદેથી રાજીનામુ ન આપે તો તેમનો પાસપોર્ટ જપ્ત કરવો જોઈએ. જો કે કોંગ્રેસ પક્ષે વળતો પ્રહાર કરતા કહ્યું કે ભાજપના નેતાને એ પણ ખ્યાલ નથી કે લોકસભા અધ્યક્ષને આવી કોઈ સત્તા નથી. લોકસભા વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, લડાઈ એ વાતને લઈને થઈ રહી છે કે, શીખને ભારતમાં પાઘડી કે કડું પહેરવાનો અધિકાર છે કે નહીં અથવા એક શીખના રૂપે તે ગુરૂદ્વારામાં જઈ શકે કે નહીં. રાહુલ ગાંધીના આ નિવેદન પર ખાલિસ્તાની આતંકવાદી ગુરપતવંત સિંહ પન્નુએ પોતાનું સમર્થન આપ્યું હતું. રાહુલના નિવેદનને યોગ્ય જણાવી પન્નુએ કહ્યું હતું કે, રાહુલ ગાંધીએ ઘણાં બોલ્ડ નિવેદનો આપ્યા છે, તેમનું આ નિવેદન શીખ ફોર જસ્ટિસ (જાશ્ક્ષ્ઉ) ની અલગ ખાલિસ્તાન દેશની માગને વાજબી ઠેરવે છે.

# ક્રુડ તેલના ભાવ ઘટાડાથી સરકારની બચત રૂા.એક લાખ કરોડ વધી

## બેન્ક ઓફ અમેરિકાનો રીપોર્ટઃ સરકાર એકસાઈઝ ડ્યુટી વધારીને પછી આંશિક ભાવ ઘટાડો કરી શકે

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રુડ તેલના નીચા ભાવના કારણે ઘરઆંગણે પેટ્રોલ-ડીઝલના ભાવ ઘટવાની આશા છે પરંતુ સરકાર હજુ કંઈ સંકેત આપતી નથી તે સમયે બેન્ક ઓફ અમેરિકાના ઈન્વેસ્ટમેન્ટ બેન્કીંગ ડીવીઝનના એક રીપોર્ટ મુજબ ભારત સરકાર ક્રુડ તેલના નીચા ભાવનો લાભ લઈને એક્સાઈઝ ડ્યુટી વધારે અને ગ્રાહકોને ભાવમાં થોડો લાભ આપે તેવી શક્યતા નકારાતી નથી. પેટ્રોલ-ડીઝલ સહિતના પેટ્રોલીયમ ઉત્પાદનો પર એક્સાઈઝ અને વેટ એ કેન્દ્ર અને રાજ્ય સરકાર માટે તગડી આવકનો સ્ત્રોત છે અને તેથી જ લાંબા સમયથી ક્રુડ તેલના ભાવ ઘટી રહ્યા હોવા છતાં પણ ઘરઆંગણે પેટ્રોલ-ડીઝલના ભાવમાં કોઈ રાહત અપાતી નથી.





એક તરફ નીચા ભાવના કારણે આયાત ખર્ચ ઘટી ગયો છે અને તે સરકાર માટે રાહત છે. પરંતુ તેમાં લોકોને કેટલો લાભ આપવો તે અંગે સરકાર હજુ વિચારતી નથી અને સપ્ટેમ્બર ૨૦૨૩ થી માર્ચ ૨૦૨૪ સુધીમાં ક્રુડ તેલના ભાવમાં જે ઘટાડો થયો છે તેના કારણે સરકારને પ્રતિ લીટર રૂા.૯નો ફાયદો થઈ રહ્યો છે. ક્રુડ તેલના ભાવ ૨૦ ટકા જેટલા ઘટી ગયા છે અને સરકારને ૧૧૦ અબજની આવક પ્રતિ એક રૂપિયા વધારાનો જે લાભ મળી રહ્યો છે. તેથી જ સરકારની આવક રૂા.એક લાખ કરોડ જેવી વધી છે અને હજુ ચાલુ જ છે. પરંતુ સરકારે હજુ સુધી તેનો લાભ ગ્રાહકોને આપ્યો નથી. જયારે ફુગાવામાં પેટ્રોલ-ડીઝલનો ફાળો અનુક્રમે ૨.૯ ટકા જેવો છે. સરકાર જો રૂા.૫ પ્રતિ લીટરે ઘટાડે તો ફુગાવો ૧૪ બેઝીક પોઈન્ટ નીચો આવી જાય તેમ છે અને ભારત પોતાની જરૂરીયાતના ૮૦ ટકા ક્રુડ તેલ આયાત કરે છે તેમ છતાં હજુ સુધી ભાવ ઘટાડા અંગે સરકારે નિર્ણય લીધો નથી.

# સુરતનો ટીનએજ બોક્સર રીંગમાં જ ઢળી પડયો : બ્રેઈન ડેડ જાહેર

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

ગુજરાતમાં બોક્સીંગ રીંગમાં બનેલી એક કરૂણ ઘટનામાં ૧૯ વર્ષના સુરતના બોક્સર કરણ પીપળીયા સ્પર્ધા સમયે જ રીંગમાં ઢળી પડયા બાદ તેનું મૃત્યુ થયું હતું. મહેસાણા ખાતે ગુજરાત સ્ટેટ બોક્સીંગ ચેમ્પિયનશીપ યોજાઈ રહી છે જેમાં આ ટીનેજર બોક્સરને હેમરેજ થઈ હતી અને બોક્સીંગ રીંગમાં જ તે ઢળી પડયા હતા.

જે બાદમાં તેમને તાત્કાલીક નજીકની હોસ્પિટલમાં લઈ જવાયા હતા અને ખાનગી હોસ્પિટલમાં તેની બ્રેઈન સર્જરી કરવામાં આવી હતી. પરંતુ તેમની હાલત વધુ ખરાબ થતા સીમ્સ હોસ્પિટલમાં દાખલ કરાયા બાદમાં તેમને સુરત લઈ જતા સમયે બ્રેઈન ડેડ જાહેર કરાયા હતા.

તબીબોના જણાવ્યા પ્રમાણે હોસ્પિટલમાં જ તેમને લાઈફ સપોર્ટ સિસ્ટમ પર રખાયા હતા અને તે સમયે તે બ્રેઈન ડેડ જેવી હાલતમાં હતા અને કુટુંબીજનોએ આ ટીનેજરને ગંભીર સ્થિતિમાંથી ઉગારવા માટે હોસ્પિટલમાં વિનંતી કરી હતી. પરંતુ તે સફળ રહ્યા ન હતા.

# ૧૦૭૦૦ બોગસ કંપનીઓ : ૧૦૧૭૯ કરોડની કરચોરી

## ૧,૧૨,૮૫૨ શો-કોઝ નોટિસ : ૧૫ ઓકટોબર સુધી ચાલશે ઝુંબેશ : GST ઓફિસરોની સટાસટી : દેશવ્યાપી અભિયાન

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

ટેક્સ અધિકારીઓએ GST હેઠળ લગભગ ૧૦,૭૦૦ નકલી નોંધણીઓ શોધી કાઢી છે, જેમાં રૂ. ૧૦,૧૭૯ કરોડની કરચોરી સામેલ છે. સેન્ટ્રલ બોર્ડ ઓફ ઈનડાયરેક્ટ ટેક્સીસ એન્ડ કસ્ટમ્સના સભ્ય શશાંક પ્રિયાએ જણાવ્યું હતું કે ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ રજીસ્ટ્રેશન માટે આધાર પ્રમાણીકરણ પહેલાથી જ ૧૨ રાજયોમાં અમલમાં છે અને ૪ ઓકટોબર સુધીમાં અન્ય ચાર રાજયોને પણ તેમાં સામેલ કરવામાં આવશે. આખરે મધ્યપ્રદેશ, રાજસ્થાન, આસામ, તમિલનાડુ, ઉત્તર પ્રદેશ અને હરિયાણા સહિત ૨૦ રાજયો આધાર નએસોસિએટેડ ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી ઓફ ઈન્ડિયાથ (એસોચેમ) ની એક ઈવેન્ટમાં બોલતા શશાંક પ્રિયાએ જણાવ્યું હતું કે ભવિષ્યમાં કર સત્તાવાળાઓ નવા કરદાતાઓ પર તેમના જોખમ નપ્રોફાઈલથના આધારે કેટલાક નિયંત્રણો લાદવામાં પણ સક્ષમ હશે.

તેમણે કહ્યું, અમે ભવિષ્યમાં કેટલાક નિયંત્રણો લાદી શકીએ છીએ કે તેઓ એક મહિનામાં કેટલા બિલ જારી કરી શકે છે. અમે આ સિસ્ટમના દુરૂપયોગથી ખૂબ જ દુઃખી છીએ. અમે તેમને રોકવા માટે તમામ સંભવિત માધ્યમોનો ઉપયોગ કરવો પડશે. CBIC અધિકારીએ જણાવ્યું હતું કે સરકાર નકલી GST નોંધણીઓને તપાસવા માટે પગલાં લઈ રહી છે અને વધુ ભૌતિક ચકાસણી કરવામાં આવી રહી છે. ૧૬ ઓગસ્ટથી શરૂ થયેલ નકલી નોંધણી વિરૂદ્ધનું બીજું અખિલ ભારતીય અભિયાન ૧૫ ઓક્ટોબર સુધી ચાલુ રહેશે. તેમણે કહ્યું કે કર અધિકારીઓએ ૬૭,૯૭૦ GSTIN (ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ આઈડેન્ટિફિકેશન નંબર) ઓળખી કાઢ્યા છે. તેમાંથી ૫૯ ટકા GSTIN અથવા ૩૯,૯૬૫ ૨૨ સપ્ટેમ્બર સુધી ચકાસવામાં આવ્યા છે. પ્રિયાએ કહ્યું કે, આમાંથી ૨૭ ટકા સંસ્થાઓ મળી આવી છે જે





અસ્તિત્વમાં નથી. આ ટકાવારી લગભગ અગાઉની ઝુંબેશ જેટલી જ છે. અમે રૂ. ૧૦,૧૭૯ કરોડની કરચોરી શોધી કાઢી છે. ૨,૯૯૪ કરોડની ઈનપુટ ટેક્સ ક્રેડિટ અટકાવી દેવામાં આવી છે. ઉપરાંત, ૨૮ કરોડની વસૂલાત કરવામાં આવી છે. બનાવટી નોંધણીઓ સામે પ્રથમ અભિયાન ૧૬ મે થી ૧૫ જુલાઈ, ૨૦૨૩ ની વચ્ચે હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં GST રજીસ્ટ્રેશન ધરાવતા કુલ ૨૧,૭૯૧ એકમો મળી આવ્યા જે અસ્તિત્વમાં ન હતા. ગયા વર્ષે પ્રથમ સ્પેશિયલ ઓપરેશનમાં ૨૪,૦૧૦ કરોડ રૂપિયાની શંકાસ્પદ કરચોરી શોધી કાઢવામાં આવી હતી.

# તહેવારો પૂર્વે જ તેજી : સોના – ચાંદીના ભાવ રેકોર્ડસ્તરે

**મુખ્ય સમાચાર,મુંબઈ**

શેરબજારમાં તેજીના દોર વચ્ચે હવે સોના-ચાંદીમાં તેજીની આગ લાગી છે. તહેવારો પૂર્વે જ ભાવો રેકોર્ડ સ્તરે પહોંચી જતા ગ્રાહકોની સાથે ઝવેરીઓ પણ સ્તબ્ધ બન્યા છે. સોનુ રૂા.૮૦૦ ના ઉછાળાથી ૭૮૦૦૦ ની નજીક પહોંચ્યુ હતુ.જયારે ચાંદીનો ભાવ ૯૩૦૦૦ ને વટાવી ગયો હતો. વિશ્વબજારમાં ગઈરાત્રે સોના-ચાંદીનાં ભાવ સળગ્યા હતા. ચીન દ્વારા અર્થતંત્રને ઠીકઠાક કરવા માટે વિવિધ રાહત પેકેજની ઘોષણા કરવામાં આવતા વૈશ્વિકસ્તરે ભાવો ભડકયા હતા અને નવી ઉંચાઈએ પહોંચ્યા હતા. વિશ્વબજારમાં આજે સોનું ૨૬૫૯ ડોલર તથા ચાંદીનો ભાવ ૩૧.૮૭ ડોલર થયો હતો. રાજકોટમાં સોનાનો હાજર ભાવ ૧૦ ગ્રામે ૮૦૦ ના ઉછાળાથી ૭૭,૮૦૦ થયો હતો ચાંદી ૨૧૦૦ વધીને ૯૨૩૦૦ થઈ હતી. ઝવેરીઓના કહેવા પ્રમાણે વિશ્વ બજારની તેજીની અસરે સોના-ચાંદીના ભાવ સળગીને રેકોર્ડસ્તરે પહોંચ્યા છે.અત્યાર સુધી યુદ્ધ સહીતના ભૌગોલીક ટેન્શનનું કારણ હતું હવે ચીનનું કારણ ઉમેરાયું



છે. દુનિયાભરની બેંકો સોનું ખરીદ કરી જ રહી છે. ચાંદીમાં પણ ઔદ્યોગીક ડીમાંડ વધવા લાગી છે. આવા માહોલમાં સળંગ તેજી છે. ભારતને લાગેવળગે છે ત્યાં સુધી આવનારા મહિનાઓમાં તહેવારો તથા લગ્નગાળો આવવાના છે. નવરાત્રી દશેરા તથા ધનતેરસ-દિવાળીમાં મોટી ખરીદી થતી હોય છે.ત્યારપછી મોટો લગ્નગાળો છે.આવા સમયે જ ભાવો રેકોર્ડસ્તરે પહોંચતા ડીમાંડ પ્રભાવીત થવાની ભીતિઓ છે. આવતા દિવસોમાં ભાવ મોરચે કેવો ટ્રેન્ડ રહે છે તેના પર મીટ છે.જાણકારો અગાઉ જ વર્ષાંત સુધીમાં સોનું ૭૮ થી ૮૦ હજાર થવાનો દર્શાવતા હતા.

# કંગનાના નિવેદન પર NDAમાં બબાલ, નીતિશની એક્શનની માગ, ચિરાગ પાસવાને જુદો રાગ આલાપ્યો


**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

ભાજપના લોકસભા સાંસદ અને એક્ટ્રેસ કંગના રણૌત પોતાના નિવેદનને લઈને એક વખત ફરી ચર્ચામાં છે. કંગનાએ ભારતના ખેડૂતોને સંબંધિત નિવેદન આપ્યું છે. ભાજપ સાંસદનું નિવેદન આવ્યા બાદ રાજકારણ ગરમાયુ છે. ભાજપે કંગનાના નિવેદન અંગે કહ્યું કે આ પાર્ટીનું નિવેદન નથી. જો કે હવે અલગ-અલગ પાર્ટીના નેતાઓ તરફથી નિવેદનબાજી શરૂ થઈ ગઈ છે.

એલજેપી પ્રમુખ અને કેન્દ્રીય મંત્રી ચિરાગ પાસવાને કંગનાના નિવેદન પર કહ્યું, 'આ કંગનાનું પર્સનલ સ્ટેટમેન્ટ હોઈ શકે છે, આ તેમનો વિચાર હોઈ શકે છે. પાર્ટીનું કોઈ નિવેદન નથી.'

દિલ્હી કોંગ્રેસ ચીફ દેવેન્દ્ર યાદવે સવાલ ઉઠાવતાં કહ્યું, પકંગના રણૌતને કોણ પ્રોત્સાહન આપી રહ્યું છે તે વિચારવા જેવો સવાલ છે. શા માટે પાર્ટી તેમને રોકી રહી નથી? આ મહિલાએ પહેલા ખેડૂતોને આતંકવાદી કહ્યા હતા. આ ખેડૂતો માટે શરમજનક નિવેદન આપે છે, આમાં ભાજપની મૌન સંમતિ છે. જનતા દળ યુનાઈટેડના સીનિયર લીડર કેસી ત્યાગીએ કહ્યું કે પકંગના રણૌતનું નિવેદન ખેડૂતોનું અપમાન છે, ભાજપે કોઈ કાર્યવાહી કરવી જોઈએ. આ તો વડાપ્રધાનના નિર્ણયનું અપમાન છે. અમે પણ આ કૃષિ કાયદા વિરુદ્ધ હતાં, અમે કંગના રણૌતના નિવેદનનો વિરોધ કરે છીએ.

નિવેદનબાજી પર જાતભાતના સવાલ ઉઠાવ્યા બાદ કંગના રણૌતે સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું, પબિલકુલ, કૃષિ કાયદા પર મારા વિચાર



અંગત છે અને તે બિલ પર પાર્ટીના વલણનું પ્રતિનિધિત્વ કરતાં નથી.થ કંગના રણૌતે આ વાત ભાજપ લીડર ગૌરવ ભાટિયાના નિવેદનને સોશિયલ મીડિયા પર રીપોસ્ટ કરતાં કરી છે.ભાજપ નેતા ગૌરવ ભાટિયાએ કંગના રણૌત દ્વારા કૃષિ કાયદા પર આપવામાં આવેલા નિવેદન પર પ્રતિક્રિયા આપતાં કહ્યું હતું, પસોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર કેન્દ્ર સરકાર દ્વારા પાછા લીધેલા કૃષિ બિલ પર ભાજપ સાંસદ કંગના રણૌતનું નિવેદન વાયરલ થઈ રહ્યું છે. હું એ સ્પષ્ટ કરવા માગું છું કે આ નિવેદન તેમનું અંગત નિવેદન છે.

# ભારતીય મૂડીબજારમાં ઈતિહાસ રચાશેઃ હુંડાઈનાં રૂા.૨૫૦૦૦ કરોડના IPO ને મંજુરી

## ■ સ્વીગીના રૂા.૧૨૦૦૦ કરોડના આઈપીઓને પણ સેબીની લીલીઝંડી

**મુખ્ય સમાચાર,મુંબઈ**

મુંબઈ શેરબજારમાં વન-વે તેજી પ્રાયમરી માર્કેટમાં કરોડો-અબજોના રોકાણ વચ્ચે હવે બે નવા મોટા આઈપીઓના ઢોલ વાગ્યા છે. ઓટોમોબાઈલ્સ કંપની હુંડાઈ મોટર્સનાં ૨૫૦૦૦ કરોડ તથા સ્વીગીનાં ૧૨૦૦૦ કરોડના આઈપીઓને સેબીએ મંજુરી આપી દીધી છે. એકાદ મહિનામાં તેના ઈસ્યુ આવી શકે છે. પ્રાયમરી માર્કેટમાં નવી કંપનીઓનાં આઈપીઓનો રાફડો છે તેવા સમયે સેબીએ હુંડાઈ મોટર્સનાં ઓફર-ફોર-સેલ (ઓએફએસ)ના હેડ હેરીંગ પ્રોસ્પેકટસને મંજુરી આપી છે. ઓકટોબરમાં ઈસ્યુ આવી શકે છે. કંપનીએ ગત જુનમાં સેબી સમક્ષ પ્રોસ્પેકટસ ફાઈલ કર્યું હતું.૨૫૦૦૦ કરોડનો આ આઈપીઓ ભારતીય મૂડીબજારમાં રેકોર્ડ સર્જશે.





આટલી મોટી રકમ ઉઘરાવનાર પ્રથમ કંપની બનશે. આ પૂર્વે ૨૧૦૦૮ કરોડના એલઆઈસીનાં ઈસ્યુનો રેકોર્ડ હતો.આ ઉપરાંત પેટીએમે નવેમ્બર ૨૦૨૧ માં ૧૮૦૦૦ કરોડ ઉઘરાવ્યા હતા. અન્ય મોટા ઈસ્યુમાં કોલ ઈન્ડીયાનો ૧૦૧૯૯ કરોડ તથા ફેબ્રુઆરી ૨૦૦૮ રીલાયન્સ પાવરનો ૧૧૫૬૩ કરોડનો હતો. હુંડાઈ મોટર્સનો આ ઈસ્યુ ઓફર ફોર સેલ હશે અને કંપની કોઈ નવા શેર ઈસ્યુ કરનાર નથી ઈસ્યુ મારફત કંપની ૧૭ ટકા ઈકવીટી વેચશે. ૧૭ ટકા ઈકવીટી વેચાણ મારફત ૩ અબજ ડોલરનાં ઓએફએસનાં આધારે કંપનીનું વેલ્યુએશન ૧૮ અબજ ડોલર અર્થાત ૧.૫ લાખ કરોડ થવા જાય છે. હાલ ભારતની સૌથી મોટી કાર ઉત્પાદક કંપની મારૂતીનું માર્કેટ કેપ ૪ લાખ કરોડ છે. મહિન્દ્રાનું ૩.૮ લાખ કરોડ તથા ટાટા મોટર્સનું ૩.૬ લાખ કરોડ છે. હુંડાઈ દ્વારા આઈપીઓ પૂર્વે વિસ્તરણ યોજનાનો સંકેત આપવામાં આવ્યો જ છે. ૨૦૨૫ સુધીમાં ઉત્પાદન ક્ષમતા ૧૦ લાખ કારની કરશે અને એફોર્ડેબલ ઈલેકટ્રીક કાર ઉત્પાદન પર ધ્યાન ફોકસ કરશે. કંપની ભારતમાં ૩૨૦૦૦ કરોડનું રોકાણ કરશે. ભારતમાં ૨૦૨૩ માં મારૂતીનાં આઈપીઓ પછી કાર ઉત્પાદક કંપનીનો આ પ્રથમ આઈપીઓ હશે.

# જામનગર મનપાની સાધારણ સભામાં સીધી ભરતી અને બઢતીના રિક્રુમેન્ટ ઠરાવ મંજૂર, ૨૦૩ લોકોની મહાનગરપાલિકા ભરતી કરશે

જામનગર મહાનગરપાલિકાની ખાસ સાધારણ સભા બોલાવવામાં આવી હતી જે કુવરબાઈની ધર્મશાળા ખાતે સાધારણ સભા મેયર વિનોદ ખીમસુરીયા ના અધ્યક્ષ સ્થાને યોજાય હતી. મહાનગર પાલિકાની સ્પેશિયલ જનરલ બોર્ડ બોલાવવામાં આવ્યું હતું, તેમાં સીધી ભરતી અને બઢતીના રિક્રુમેન્ટ ઠરાવ અને શ્રાવણી લોકમેળાની વિગત વધારવા અંગેનો ઠરાવ સામાન્ય સભામાં મંજુર કરવામાં આવ્યા હતા. તેમજ સામાન્ય સભામાં સીધી ભરતી અને બઢતીના રિક્રુમેન્ટ નિયમો નો ઠરાવ સામાન્ય સભામાં મંજુર કરાયા જેમાં આવી પક્ષના સૂચન સહિત સર્વનામતે મંજુર કરાયા.જેમાં મહાનગરપાલિકાના સામાન્ય સભામાં ૨૦૩ લોકોની



મહાનગર પાલિકા ભરતી કરવામાં આવશે.બીજી તરફ સામાન્ય સભા ચાલતી હતી ત્યારે ભરતી મુદ્દે ગ્રુપમાં પણ ગરમી જોવા મળી હતી અને ફરતી પ્રક્રિયામાં ભ્રષ્ટાચાર થતો હોવાનો વિરોધ પક્ષે આક્ષેપો લગાવ્યા હતા. બીજી તરફ સામાન્ય સભામાં અતિવૃષ્ટિમાં લોકોને પડી હારે હાલાકી મુદ્દે ગુરૂમાં વિરોધ પક્ષના નગરસેવિકા દ્વારા સામાન્ય સભા નો બહિષ્કાર કરી હોબાળો મચાવ્યો હતો અને સામાન્ય સભામાંથી ચાલ્યા ગયા હતા.

# ઢોર ડબ્બામાં ગાયોના મૃત્યુ બાબતે જવાબદારો સામે પગલાં લેવા રાજકોટ મહિલા કોંગ્રેસની માગ





(તસ્વીરઃ આનંદ જાવિયા)

તાજેતરમાં ઢોર ડબ્બામાં રખાયેલી ૭૫૬ ગૌ માતાના અપૂરતા ઘાસચારાની હિસાબે મોત થયા હતા જેમ કે આજે રાજકોટ શહેર મહિલા કોંગ્રેસ દ્વારા મેરને આવેદનપત્ર સુપ્રત કરીને જણાવ્યું હતું કે ઢોલ ડબ્બા ની સંભાળ રાખતા જવાબદારો તેમજ અધિકારીઓ સામે તાત્કાલિક પગલા ભરવામાં આવે.

# જામનગર ગ્રામ્યની મહિલા હોકી ટીમ રાજ્ય કક્ષાએ વિજેતા



જામનગર.સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા જવાહરલાલ નેહરુ હોકી અંડર ૧૭ બહેનો માટેની રાજ્યકક્ષાની સ્પર્ધાનું દરમ્યાન રાજકોટ જિલ્લા ખાતે આયોજન કરવામાં આવ્યું હતું.જે સ્પર્ધામાં જામનગર ગ્રામ્યની જી.એમ.પટેલ કન્યા વિદ્યાલય, ધ્રોલ ઉકજ્જની અંડર ૧૭ બહેનોની ટીમે વિજેતા થઈ ગોલ્ડ મેડલ મેળવેલ છે.સ્પર્ધાની ફાઈનલ મેચમાં જામનગર ગ્રામ્યની ટીમે દેવગઢ બારીયાની ટીમને ૨–૧ના સ્કોરથી પરાજય આપી રાજ્યકક્ષાએ ગોલ્ડ મેડલ મેળવી જામનગર જિલ્લાનું નામ રાજ્ય કક્ષાએ રોશન કર્યું છે.જે અંતર્ગત જામનગર જિલ્લાના જિલ્લા રમત વિકાસ અધિકારી રાવલીયાએ વિજેતા ટીમને શુભેચ્છાઓ પાઠવી છે સાથે સાથે જી.એમ.પટેલ કન્યા વિદ્યાલય, ધ્રોલના સંચાલકો દ્વારા પણ વિજેતા ટીમનું ઉષ્માભેર સ્વાગત કરવામાં આવેલ હતું.

# વાંકાનેર ટાઉન વિસ્તારમાં લગ્નના ખોટા વાયદા કરી પરિણીતા સાથે વારંવાર દુષ્કર્મ આચરનાર સામે ફરિયાદ નોંધાઈ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

વાંકાનેર શહેરમાં રહેતી બે સંતાન ધરાવતી પરિણીતાને લગ્ન કરવાની ખોટી લાલચ આપી યુવક દ્વારા વારંવાર દુષ્કર્મ આચરવામાં આવતું હોય ત્યારે સમગ્ર બનાવની હકીકતની જાણ પરિવારને થતા આખરે ભોગ બનનારને સાથે રાખી વાંકાનેર સીટી પોલીસ મથકમાં ભોગ બનનારના ભાઈ દ્વારા આરોપી સામે ફરિયાદ નોંધાવવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે આરોપી વ્યવસાયે પત્રકાર છે, હાલ વાંકાનેર પોલીસ દ્વારા આરોપી પત્રકારની ધરપકડ કરી લીધાનું જાણવા મળ્યું છે. વાંકાનેર સીટી વિસ્તારમાં રહેતી પરિણીતા સાથે પ્રથમ પરિચય કેળવી મોબાઈલ નંબર આપી પરિણીતાને કોલ કરવા જણાવ્યું હતું. ત્યારબાદ મોબાઈલ ફોનમાં વાતચીત કરવાનો દૌર શરૂ થયા બાદ આરોપી દ્વારા પરિણીતાના ઘરે કોઈ ન હોય ત્યારે આવન-જાવન શરૂ થયા બાદ પરિણીતાને લગ્નની ખોટી લાલચ આપી તેની સાથે દુષ્કર્મ કરવામાં આવ્યું



હતી. જે બાદ આ સિલસિલો ચાલુ રહ્યો અને આરોપી દ્વારા ત્રણ વખત પરિણીતા સાથે દુષ્કર્મ ગુજારેલ હતું.

આરોપી અને પરિણીતા વચ્ચે ચાલી રહેલ પ્રણયલીલાની પરિણીતાના પરિવારજનોને જાણ થતા ગત તા.૨૩/૦૯ના રોજ આરોપી જ્યારે પરિણીતા એકલી ઘરે હોય ત્યારે તેના ઘરે ગયો હતો ત્યારે પરિણીતાનો દીકરો આવી જતા આરોપી સાથે બોલાચાલી ઝઘડો થતા વચ્ચે છોડાવવા પરિણીતા પડી હતી ત્યારે આરોપીએ કહ્યું હતું કે માત્ર શરીર સંબંધ બાંધવા તને લગ્નની ખોટી લાલચ આપતો હતો, જે બનાવની સઘળી હકીકતથી પરિણીતાના દીકરાએ કુટુંબીજનોને વાત કરતા આખરે ભોગ બનનારને સાથે રાખી પરિણીતાના ભાઈ દ્વારા વાંકાનેર સીટી પોલીસ મથકમાં આરોપી શાહરુખભાઈ ઉર્ફે ગુડો અહેમદભાઈ ચૌહાણ ઉવ.૨૮ રહે.વાંકાનેર વેલનાથપરાવાળા વિરુદ્ધ દુષ્કર્મની ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપી સામે બીએનએસના કાયદાની અલગ અલગ કલમો હેઠળ ગુનો નોંધી આરોપીની અટક કરવા ગતિવિધિ શરૂ કરી હતી. હાલ પોલીસે આરોપી પત્રકાર શાહરુખ ઉર્ફે ગુડોની ધરપકડ કરી આગળની તપાસની તજવીજ હાથ ધરી છે.

# મોરબીમાં માનવ સાંકળ રચી વિદ્યાર્થીઓ દ્વારા સ્વચ્છતા અંગે સંદેશો અપાયો



મોરબીમાં સ્વચ્છતા હી સેવાથ અભિયાન જનવ્યાપી બની રહ્યું છે ત્યારે મોરબીમાં વિદ્યાર્થીઓ દ્વારા લોકોને સ્વચ્છતા બાબતે જાગૃત કરવાના હેતુથી માનવ સાંકળ રચવામાં આવી હતી. સમગ્ર રાજ્યની સાથે મોરબી જીલ્લામાં પણ સ્વચ્છતાથી સેવા અભિયાનની ઉજવણી કરવામાં આવી રહી છે. આ અભિયાનમાં વધુને વધુ પ્રમાણમાં જન ભાગીદારી નોંધાય વિવિધ સંસ્થાઓ અપેક્ષિત મંડળો તેમજ લોકો આ અભિયાનમાં જોડાઈ સ્વચ્છતા બાબતે જાગૃત બને અને તેમના આસપાસના વિસ્તારોમાં સ્વચ્છતા જાળવી સ્વચ્છાતાગ્રહી બને તે બાબત પર ખાસ ભાર મૂકવામાં આવ્યો છે. ત્યારે મોરબી જીલ્લામાં વિવિધ શાળાઓમાં પણ બાળકો દ્વારા સ્વચ્છતા સંલગ્ન વિવિધ આયોજનો કરવામાં આવી રહ્યા છે. જેના ભાગરૂપે મોરબીમાં બાળકો દ્વારા સામુહિક રીતે માનવ સાંકડ બનાવી જ્ઞ્ઇજ(સ્વચ્છતા હી સેવા) લખવામાં આવ્યું હતું. બાળકો દ્વારા માનવ સાંકળ રચી લોકોને જીવનમાં સ્વચ્છતાના મહત્વ અંગે સંદેશો આપવામાં આવ્યો હતો.

# જામનગરમાંથી એકાદ વર્ષ પહેલાં બાઈકની ચોરી કરનાર શખ્સને એલસીબીએ બાઈક સાથે પકડી લીધો



જામનગરમાંથી એકાદ વર્ષ પહેલાં બાઈકની ચોરી કરનાર શખ્સને એલસીબીએ બાઈક સાથે પકડી પાડ્યો છે.જામનગરમાં દિગ્જામ વુલન મીલ પાસે આવેલા બાવરીવાસ નજીક ખુલ્લા ફાટક પાસે એક શખ્સ ચોરાઉ બાઈક સાથે આવ્યો હોવાની બાતમી એલસીબીના મયુદ્દીન, અરજણ ભાઈ, ધર્મેન્દ્રસિંહ, રાકેશ ચૌહાણને મળતા ઈન્ચાર્જ પીઆઈ બી.એન. ચૌધરીને વાકેફ કરાયા પછી દોડી ગયેલી એલસીબી ટીમે ત્યાંથી મયુર નગરવાળા રાજા બળવંત કોળી નામના શખ્સને પકડ્યો હતો. આ શખ્સ પાસે રહેલા જીજે–૧૧–એએફ ૩૨૦૬ નંબરના બાઈક અંગે પૂછપરછ કરાતા તેણે એકાદ વર્ષ પહેલા આ બાઈકની ચોરી કર્યાની કબૂલાત આપી છે. એલસીબીએ રૂ.૨૦ હજારનું બાઈક કબજે કરી રાજા કોળીની અટકાયત કરી છે.

# દેવભૂમિ દ્વારકાના ઇન્કમટેક્ષ ઈન્સ્પેકટર રૂ. ૩૦૦૦ની લાંચ લેતા ઝડપાયા



જામનગર લાંચ રૂશ્વત વિરોધી શાખાએ દ્વારકાની ઈન્કમટેક્ષ કચેરીમાં છટકુ ગોઠવી એક ઈન્સપેકટરને રૂા. ૩૦૦૦ની લાંચ લેતા પકડી પાડ્યા હતા.એક આસામીનુ પાનકાર્ડ ખોવાઇ જતા નવુ પાનકાર્ડ ઓનલાઇન કઢાવ્યુ હતુ જે બાદ જુનુ પાનકાર્ડ મળી જતા નવુ રદ કરાવવાની પ્રકીયા વેળા લાંચની માંગણી કરાયાની ફરીયાદના આધારે ટ્રેપ ગોઠવી એસીબીએ ઈન્કમટેક્ષ ઇન્સપેકટરને લાંચ સ્વીકારતા ઝડપી લીધા હતા.સુત્રોમાંથી મળતી વિગત અનુસાર દેવભૂમિ દ્વારકા પંથકના એક આસામીનુ પાનકાર્ડ ખોવાઇ ગયુ હતુ. જેથી તેઓએ નવુ પાનકાર્ડ ઓનલાઇન કઢાવ્યુ હતુ.જે દરમિયાન જુનુ પાનકાર્ડ મળી જતા બે પાન કાર્ડ થઇ જતા તેમણે પોતાનુ નવુ પાનકાર્ડ રદ કરાવવા સ્થાનીક ઈન્કમટેક્ષ કચેરીનો સંપર્ક સાધ્યો હતો.જે દરમિયાન ઈન્કમટેક્ષ ઈન્સપેકટર સુનિલકુમાર અરવિંદકુમાર મીનાએ બે પાનકાર્ડ ધરાવવા માટે પેનલ્ટી અને જેલની સજા થઇ શકે તેમ કરતા આસામીએ પોતાને આવી કોઇ નોટીશ મળી નથી,તેઓ સામેથી પાનકાર્ડ રદ કરાવવા આવ્યા છે તેમ કહેતા છતા રૂા.૧૦ હજાર પેનલ્ટી થશે. જો તે ન ભરવી હોય તો અડધા રૂા.૫,૦૦૦ વહીવટ પેટે આપી દેવાનુ કહેતા આનાકાનીના અંતે રૂા. ૩ હજાર આપવાનુ નકકી થયુ હતુ.જે લાંચની રકમ આસામી આપવા ન માંગતા હોવાથી તેમણે એસીબી કચેરીનો સંપર્ક કરી ફરીયાદ આપી હતી.જેના આધારે જામનગર એસીબીના પીઆઇ આર.એન. વિરાણી અને ટીમે દ્વારકા ઈન્કમટેક્ષ કચેરી ખાતે છટકુ ગોઠવ્યુ હતુ.જેમાં એસીબીએ આસામી સાથે હેતુલક્ષી વાતચિત કરી રૂા.૩ હજારની રકમ સ્વીકારતા ઈન્કમટેક્ષ ઈન્સપેકટર સુનિલકુમાર મીનાને ઝડપી લીધા હતા. હાલારમાં એસીબીની ટ્રેપમાં વધુ એક સરકારી બાબુ સપડાતા લાંચીયા તત્વોમાં ફફડાટ મચી જવા પામ્યો છે

# ગીર સોમનાથ જીલ્લામાં PGVCL દ્વારા સ્માર્ટ મીટર ફીટીંગ ન કરવા બાબત દિપાબેન બાંભણીયા દ્વારા મુખ્યમંત્રીને રજૂઆત

અહેવાલ :- અબ્દુલ પઠાણ ઉના



ઉના તાલુકો તથા ઉના શહેર થીજ કનેક્શન ધરાવતા ગ્રાહકો પછાત તાલુકાના હોય તો સ્માર્ટ મીટર નાખવા કોઈને પરવડે તેમ ના હોય તો ઉના તાલુકા તથા ઉના શહેરમાં સ્માર્ટ મીટરનો આવતા દિવસોમાં ખુબજ મોટા પાયે ઉગ્રવિરોધ થસે ગીર સોમનાથ જીલ્લામાં કુલ છ (૬) તાલુકાઓ આવેલા છે.જે દરિયાકિનારાના છેવાડાના ગામડામાં લોકો વધુ ખેતી, અને માછીમારી, મજુરી કરીને ગુજરાન ચલાવે છે. તેમજ લોકોને રાશનકાર્ડ સુભ, આધાર કાર્ડ સુભ તથા અન્ય ડીઝીટલ કામગીરી કરવા માટે હાલાકી ભોગવી રહ્યા છે. તો આ સ્માર્ટ મીટરની વ્યવસ્થા કરવામાં આવે તો રીચાર્જ પૂર્ણ થતા ઘરમાં લાઈટ ન મળે અને હાલાકી ભોગવવી પડે, તેમજ ક્યારે રીચાર્જ પૂર્ણ થાય તે પણ ખબર રાખી શકે નહી. આમા ઘણા કુટુંબોમાં પતિ-પત્ની બંને મજુરી કરે છે. જેથી દિવસ દરમિયાન ઘરે બાળકો જ રહે અને લાઈટ ન હોવાને કારણે હેરાન થાય,

ત્યારે લોકો ગમે ત્યારે વીજબીલ ભરી શકે અને તેને લાઈટ વગર રહેવું ન પડે. જેથી આમારા ગીર સોમનાથ જીલ્લાના તમામ તાલુકાઓના લોકોને નબળા (પછાત) લોકોને હેરાન ન થવું પડે તેમજ તેમની જરૂરિયાત પૂર્ણ રીતે મળી રહે. તેમજ સરકારશ્રી જ્યોતિગ્રામ યોજના અમલમાં હોઈ અને લોકોને સુવિધા મળી રહે જેથી સ્માર્ટ મીટરની યોજનાન લાગુ કરવા માટે . જૂનાગઢ જિલ્લા અને ,ગીર સોમનાથ જિલ્લા કોળી સેના પ્રમુખ દિપાબેન બાંભણીયા દ્વારા મુખ્યમંત્રીને રજૂઆત કરી. છે

# મોરબીમાં સામાન્ય બાબતે બોલાચાલીમાં છરીના આડેધડ ઘા મારી યુવકની હત્યાઃ અન્ય બે ગંભીર ઘાયલ

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબીના સામાકાંઠા વિસ્તારમાં ગઈકાલે સાંજે વેજીટેબલ રોડ ઉપર ખેલાયો હતો ખૂની ખેલ, જેમાં મોબાઈલ બાબતે બોલાચાલી કરીને ક્રિમિનલ માનસવૃત્તિ ધરાવતા શખ્સે ત્રણ યુવકો ઉપર છરી વડે હુમલો કર્યો હતો. જેમાં ત્રણ પૈકી એક યુવકનું સારવાર મળે તે પહેલાં મૃત્યુ નીપજ્યું હતું. જ્યારે અન્ય એક યુવાનને છરીના પાંચથી છ ઘા વાગેલા હોય તેની સ્થિતિ નાજુક હોવાનું તથા ત્રીજા યુવકને પણ છરીથી ઈજા પહોંચી હોવાનું જાણવા મળ્યું છે. હાલ હત્યારા આરોપી સામે મૃતકના બહેન દ્વારા બી ડિવિઝન પોલીસ સમક્ષ ફરિયાદ નોંધાવવામાં આવી છે. મળતી માહિતી અનુસાર મોરબી-૨ વેજીટેબલ રોડ ઉપર લાભનગરની બાજુમાં રહેતા કોકિલાબેન મુકેશભાઈ હરિભાઈ પરમાર દ્વારા પોતાના ભાઈની



છરીના આડેધડ ઘા મારી હત્યા કરનાર ઈરફાન દાઢી પરમાર રહે. મોરબી વાળા સામે સીટી બી ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી જાહેર કર્યું કે ગઈકાલે સાંજે છ વાગ્યાના અરસામાં કોકિલાબેનના ભાઈ શામજીભાઈ પોપટભાઈ ચાવડા અને જગદીશભાઈ બારોટ વેજીટેબલ રોડ પંચમુખી હનુમાનજી મંદિરની બાજુમાં ગાડીમાં બેઠા હતા ત્યારે ઉપરોક્ત ક્રાઈમ કરવાની ટેવવાળો હત્યારો ઈરફાન દાઢી જામ ત્યાં પોતાની ગાડીમાં આવી શામજીભાઈ તથા જગદીશભાઈ સાથે મોબાઈલ અંગે વાતચીત કરી ઝઘડો કરી ઝપાઝપી કરવા લાગ્યો અને ત્યારબાદ વધુ એકદમ ઉશ્કેરાઈ જઈ આરોપી ઈરફાને પોતાના પાસે રહેલ છરીથી બંને યુવકોને આડેધડ છરીના ઘા મારવા લાગેલ ત્યારે વચ્ચે છોડાવવા પડેલ પ્રભુભાઈ કોળીને પણ છરીથી ઈજા પહોંચી હતી. જેથી ત્રણેય ઈજાગ્રસ્તોને સરકારી હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યા જ્યાં શામજીભાઈ પોપટભાઈ ચાવડા નામના યુવકને સારવાર મળે તે પહેલાં તેનું મૃત્યુ નીપજ્યું હતુ બીજીબાજુ જગદીશભાઈ બારોટને પેટના ભાગે તથા શરીરે છરીના પાંચથી છ લાગેલા હોય હાલ તેમની સ્થિતિ નાજુક હોય, બનાવ બાબતે સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી જવા પામ્યો છે, ત્યારે કોકિલાબેનની ફરિયાદને આધારે હત્યારા આરોપીને પકડી પાડવા બી ડિવિઝન પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે.

# શેખપાટ ગામના પાટીયા નજીક રેઢી પડેલી સ્કોડા કારમાંથી દારૂની ૨૦૨ બોટલ મળી આવી

જામનગર જીલ્લાના પોલીસ વડા પ્રેમસુખ ડેલૂએ પ્રોહીબીશન તથા જુગાર ધારાના કેસો શોધી કાઢવા અંગે સુચના કરેલ હોય , જેથી એલ.સી.બી.ના પોલીસ ઈન્સ . વી.એમ.લગારીયા નાઓના માર્ગદર્શન મુજબ એલ.સી.બી. ના પો.સ.ઇ. પી.એન.મોરી તથા સ્ટાફના માણસો જામનગર શહેર વિસ્તારમાં પ્રોહી જુગારના કિશો શોધી કાઢવા અંગે પેટ્રોલીંગમા હતા . દરમ્યાન એલ.સી.બી. સ્ટાફના અરજણભાઇ કોડીયાતર તથા મયુદિનભાઇ સૈયદ તથા ધર્મેન્દ્રસિંહ જાડેજા તથા નારણભાઇ વસરાને મળેલ ખાનગી હકિકત આધારે જામનગર તાલુકાના શેખપાટના પાટીયા પાસે અહી શાલીભદ્રનગર ની આથમણી બાજુ આવેલ ખુલ્લા પ્લોટમા પડેલ સફેદ કલરની સ્કોડા કાર નં – જી.જે .૦૩ ઇ.આર .૦૮૮૮ માથી નાની મોટી ઇંગ્લીશ દારૂની બોટલ નંગ –૨૦૨ કિ.રૂ .૬૬,૪૦૦ તથા કાર કિ.રૂ .૪,૦૦,૦૦૦મળી કુલ કિ.રૂ .૪,૬૬,૪૦૦ના મુદામાલ સાથે હાજર નહી મળી આવી મજકુર વિરૂધ્ધ પો.કોન્સ.કિશોરભાઇ પરમારએ ફરીયાદ રીપોર્ટ આપતા પો.હેડ.કોન્સ.ક્રિપાલસિંહ જાડેજાએ કાયદેસર ની કાર્યવાહી કરેલ છે.અને કાર ચાલકને પકડવાની કાર્યવાહી ચાલુ છે આ કાર્યવાહી પો.ઇન્સ. વી.એમ.લગારીયાના માર્ગદર્શન મુજબ પો.સ.ઇ. પી.એન.મોરી તથા એલ.સી.બી. સ્ટાફના નાનજીભાઇ પટેલ , હરપાલસિંહ સોઢા , ભરતભાઇ પટેલ , શરદભાઇ પરમાર , દિલીપભાઇ તલવાડીયા , વનરાજભાઇ મકવાણા , ધાનાભાઇ મોરી , હિતેન્દ્રસિંહ જાડેજા , કામસભાઇ બ્લોચ , અરજણભાઇ કોડીયાતર , મયુદીનભાઇ સૈયદ , ક્રિપાલસિંહ જાડેજા , નારણભાઇ વસરા , નિર્મળસિંહ જાડેજા , કિશોરભાઇ પરમાર , હરદીપભાઇ બારડ , રૂષીરાજસિંહ વાળા , મયુરસિંહ પરમાર , સુરેશ માલકીયા , રાકેશભાઇ ચૌહાણ , કલ્પેશભાઇ મૈયડ , ધમેન્દ્રસિંહ જાડેજા , ભારતીબેન ડાંગર , દયારામ ત્રિવેદી , બીજલભાઇ બાલાસરા તથા ધમેન્દ્રસિંહ જાડેજા વિગેરે દ્વારા કરવામા આવેલ છે.

# ધોળા દિવસે જુનાગઢ જિલ્લામાં બે રોકટોક ખુલ્લેઆમ ગેરકાયદેસર બાયોડીઝલનું વેચાણ

## પેટ્રોલ પંપ એસોસિએશન દ્વારા અવારનવાર રજૂઆત કરવા છતાં બાયોડીઝલ બંધ કરાવવામાં તંત્ર નિષ્ફળ

**મુખ્ય સમાચાર,જુનાગઢ**

સમગ્ર રાજ્યમાં પ્રતિબંધિત બાયોડીઝલનું જુનાગઢ જિલ્લામાં ધોળા દિવસે ખુલ્લે આમ વેચાણ થતું હોવાનો વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે.રાજ્યમાં જેના ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે તેવા બાયોડીઝલનું વેચાણ બંધ હોવા છતાં જુનાગઢ જિલ્લામાં ગેરકાયદેસર ખુલ્લેઆમ વેચાઈ રહ્યા હોવાનો વિડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે.કોઈપણ સરકારી વિભાગની એનઓસી તેમજ અન્ય શરતભંગ થી ચાલતા બાયોડીઝલ અને અન્ય જ્વલનશીલ ફ્યુલ પ્રોડક્ટના પંપ વિરુદ્ધ અવારનવાર પુરવઠા અધિકારી,કલેકટર તેમજ જિલ્લા પોલીસ ને રજૂઆત કરવામાં આવી હોવા છતાં બાયોડીઝલનું વેચાણ જૂનાગઢ જિલ્લામાં બંધ થતુ નથી.ત્યારે પેટ્રોલ પંપ એસોસિયેશનના પ્રમુખ દ્વારા આ બાબતે વારંવાર આવેદનપત્ર આપી એસ.પી કલેકટર અને તંત્રને રજૂઆત કરવામાં આવી હતી. પરંતુ આ ગેરકાયદેસર વેચાતા બાયોડીઝલ માં તંત્રની મિલીભગત હોવાના પણ આક્ષેપો કરવામાં આવ્યા છે.જો આવનાર દિવસોમાં આ ગેરકાયદેસરના વહેંચાયા બાયોડીઝલનાં ધંધા બંધ કરવામાં નહીં આવે તો પેટ્રોલ પંપ ધારકો પોતાના પેટ્રોલ પંપ બંધ કરી દેશે તેવી ચીમકી ઉચ્ચારી છે.આ ગેરકાયદેસર બાયો ડિઝલના પંપ પર વાહનોમાં રોજનું હજારો લીટર બાયોડિઝલ વેચાય રહ્યું છે.છતાં પણ તંત્ર દ્વારા આંખ આડા કાન કરતા હોવાના આક્ષેપો કરવામાં આવ્યા છે.જુનાગઢ જિલ્લામાં બાયોડીઝલના નામે તથા અન્ય જ્વલનશિલ પદાર્થ મિશ્રણ કરી વેચાણ કરતા હોવાની વ્યાપક ફરિયાદો કરવામાં આવી છે. છતાં પણ બાયોડીઝલનો સ્રોત આખા ભારતમાં ખૂબ જ સીમિત છે તેથી તેનું પ્રોડક્શન કરવું ખૂબ જ અઘરું છે તથા બહુ જ સીમિત પુરવઠો હોય અને તેનાથી વધારે તેનું વેચાણ થઈ રહ્યું છે તેમ છતાં જુનાગઢ ,કેશોદ



,ચોકી થી લઈને માળિયા ,ચોરવાડ સુધી સમગ્ર જિલ્લામાં બાયોડીઝલનો નેટવર્ક ચાલી રહ્યું છે.જેને રોકવામાં તંત્ર નિષ્ફળ ગયું છે પેટ્રોલ પંપ એસોસિએશન દ્વારા અવારનવાર આવેદન પત્ર આપવામાં આવ્યા છે તેમ જ રજૂઆતો કરવામાં આવી છે.પરંતુ કોઈ પણ કાર્યવાહી કરવામાં આવતી નથી તો બાયોડીઝલ કોની મીઠી નજર હેઠળ વેચાય રહ્યું છે તેવા સવાલો ઉભા થયા છે.

# જામનગર શહેરમાં ઘોડાગાડીવાળા તથા જાહેરમાં અન્ય પ્રાણીને ખૂલ્લા છોડી દેતા લોકો વિરૂદ્ધ થશે કડક કાર્યવાહી

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર જિલ્લા કલેકટના અધ્યક્ષસ્થાને જિલ્લા પોલીસ સલાહકા સમિતિની બેઠક યોજાઈ હતી. જેમાં મહત્ત્વપૂર્ણ નિર્ણયો કાયા હતાં.જિલ્લા કલેકટર બી.કે. પંડ્યાના અધ્યક્ષસ્થાને જિલ્લા પોલીસ સલાહકાર સહિતિની સમક્ષા બેઠકનુંઆયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જિલ્લામાં સર્વિસ રોડ રીપેરીંગ, જમીન સંપાદન, જાહેર જગ્યાઓ પર પાર્કિંગ, શહેરમાંથી દબાણો હટાવવા વગેરે મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી.કલેક્ટ કચેરીના સભાખંડમાં યોજાયેલી આ બેઠકમાં ઉપસ્થિતો સાથે જામનગર શહેરમાં બાલા હનુમાન મંદિ આગળ અલગથી પાર્કિંગ સ્પોટ બનાવવા અંગે, દબારગઢ અને અન્ય બજારોમાં પાથરણાવાળા અને અન્ય દ્વારા કરવામાં આવતા દબાણને હટાવવા માટે, જાહેરમાં દબાણ કરતા લોકો પાસેથી રૂ. ૫૦૦૦ સુધીના દંડ વસૂલ કરવાની વ્યવસ્થા ગોઠવવા અંગે, અમુક સ્થળો પર ખાનગી ટેકસી પાર્કિંગનો પ્રશ્ન ના સર્જાય તે માટે આરટીઓ કચેરી દ્વારા રેગ્યુલર ચેકીંગ કરવા બાબતે, રઝખતા ઢોરને જાહેરમાં છોડી મૂકતા લોકો વિરૂદ્ધ કડક દંડની કાર્યવાહી તથા ઢોર ડબ્બાની સંખ્યા વધારવા માટે પણ કાર્યવાહી હાથધરવા અંગે ચર્ચા કરવામાં આવી હતી.ગ્રામ્ય વિસ્તારોમાં હાઈ-વે પર અકસ્માતો નિવારવા માટે સીસી ટીવી સર્વેલન્સ અને સતત મોનીટરીંગ થાય, બિસ્માર રસ્તાઓનું તાત્કાલિક રીપેરીંગ થાય તે કામગીરી પૂર્ણ કરવા માટે





કલેકટરે આ બેઠકમાં ખાસ સૂચના આપી હતી. જામનગર શહેરમાં ઘોડાગાડીવાળા અને અન્ય પ્રાણીઓને જાહેરમાં ખુલ્લા મૂકી દેતા લોકો વિરૂદ્ધ પણ કડક કાર્યવાહી તાત્કાલિક ધોરણે હાથ ધરવામાં આવશે તેવી માહિતી પણ મિટિંગમાં અપાઈ હતી. આ બેઠકમાં અધિક નિવાસી કલેકટર બી.એન. ખેર, સમિતિના સરકારી સભ્યો અને આમંત્રિત બિનસરકારી સભ્યો હાજર રહ્યા હતાં.

# આર.કે. ગ્રુપના વડા સર્વાનંદ સોનવાણીને ગ્રેટર ચેમ્બર દ્વારા બિઝનેસ આઈકોન એવોર્ડ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ગ્રેટર રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ, ડાયરેક્ટર જનરલ ઓફ ફોરેન ટ્રેડ (ભારત સરકાર) અને પંજાબ નેશનલ બેંકના સંયુક્ત ઉપક્રમે તાજેતરમાં તા. ૨૧/૯/૨૦૨૪ ને શનિવારે ભવ્ય ત્રિવિધ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ગ્રેટર ચેમ્બર બિઝનેસ આઈકોન એવોર્ડ સમારોપણ સાથો સાથ યોજવામાં આવ્યો હતો. આ વર્ષે આ બિઝનેસ આઈકોન એવોર્ડ વિવિધ ત્રણ સંનિષ્ઠ ઉદ્યોગપતિઓને એનાયત કરવામાં આવ્યા હતા જેમાં સર્વાનંદ સોનવાણી (આર.કે ગ્રુપ), અજીત ચાવલા (સિંધલ પાવર પ્રેસિજ) અને બીપીન વિરડીયા (તન્વી ગોલ્ડ કાસ્ટ) નો સમાવેશ થાય છે.

ઉપરોક્ત ત્રણેય મહાનુભાવોને એવોર્ડ અર્પણ અને અભિનંદન આપતા બીએપીએસના સંત જ્ઞાનવત્સલ સ્વામી એ જણાવ્યું હતું કે જે ઉદ્યોગપતિઓને એવોર્ડ મળ્યા છે તેમને અભિનંદન આપું છું અને જેવો હજુ આ એવોર્ડ સુધી નથી પહોંચ્યા તેમને વધુ મહેનત કરવા વધુ સ્માર્ટવર્ક કરવાની પ્રેરણા આપું છું. જ્ઞાન વત્સલ સ્વામી એ જાણીતા આરકે ગ્રુપના વડા સર્વાનંદ સોનવાણી પરિવાર વિશે કહ્યું કે તેઓ એક સાત્વિક ભૂમિકા ધરાવે છે અને ખૂબ જ ખંત તથા મહેનતથી આગળ આવ્યા છે. અમારે મંદિરે અને ધર્મતીર્થોઓએ પણ મેં તેમને જોયા છે. ઉદ્યોગપતિઓએ અને સમાજે આ સોનવાણી બંધુઓના સંપ માંથી ઘણું શીખવા જેવું છે તેઓનું ઔદ્યોગિક ડેડીકેશન છે એવું જ ધાર્મિક ડેડીકેશન પણ છે. પૂજ્ય સ્વામીએ આ બાંધકામ જૂથને હજુ વિશેષ પ્રગતિની શુભકામનાઓ પાઠવી હતી.આ પ્રસંગે બિઝનેસ આઈકોનિક એવોર્ડ સ્વીકારતી વેળાએ આર.કે ગ્રુપના વડા સર્વાનંદ સોનવાણીએ જણાવ્યું કે રાજકોટને અતિ આધુનિક કોર્પોરેટ હાઉસ આપવા નિવાસીઓને રિસોર્ટ લિવિંગ નો અનુભવ આપનારા ફ્લેટ આપવા અને ઉદ્યોગપતિઓને વિશાળ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથેના ઈન્ડસ્ટ્રીયલ પ્લોટ આપવા એ દિશામાં અમે કામ કરીએ છીએ અમને મળેલો આ એવોર્ડ અમારી જવાબદારી વધારે છે અને અમને સમાજ માટે ઉચ્ચકક્ષાના નિર્માણ પ્રસ્તુત કરવાની પ્રેરણા આપે છે. સર્વાનંદ સનવાણીએ





વધુમાં કહ્યું કે આ એવોર્ડ અમારી ટીમ તથા અમારા નાનામાં નાના કર્મચારી અને કામદારનું પણ જાહેર સન્માન છે તેથી હું નિર્ણાયકોનો આભારી છું. ઉલ્લેખનીય છે કે ગ્રેટર ચેમ્બર દ્વારા રાજકોટ અને ગુજરાતનું નામ દેશ અને દુનિયામાં પોતાની વર્ષોની મહેનત, લગન, કુનેહ અને આગવી સુજથી રોશન કરનાર ઉદ્યોગપતિઓને સન્માનિત કરવાનો નવીનતમ અભિગમ ચાલે છે જેના અંતર્ગત આજ સુધીમાં વિવિધ ૫૧ ઉદ્યોગપતિઓને સન્માનવામાં આવ્યા છે. આ કાર્યક્રમમાં વિવિધ નિષ્ણાત અધિકારીઓ દ્વારા એક્ષપોર્ટ ધિરાણ, સોલાર પ્રોજેક્ટ ધિરાણ, MSME ધિરાણ તથા એગ્રો ફૂડ પ્રોસેસિંગ ધિરાણ વિશે વિશે તજજ્ઞ કક્ષાના વ્યાખ્યાત-માર્ગદર્શન આપવામાં આવ્યા હતા. ભારત સરકારના વાણિજ્ય મંત્રાલય હસ્તકના ડાયરેક્ટર જનરલ ઓફ ફોરેન ટ્રેડ વિભાગના જોઈન્ટ ડાયરેક્ટર રોહિત સોનીએ આ કાર્યક્રમમાં ખાસ ઉપસ્થિત રહી માર્ગદર્શન આપ્યું હતું.

# સુરેન્દ્રનગરમાં વીજગ્રાહકની લુખ્ખી દાદાગીરી બાદ નાયબ ઈજનેરે પોલીસ ફરિયાદ નોંધાવી



**મુખ્ય સમાચાર,સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગરના રતનપર વિસ્તારમાં વીજગ્રાહકના ઘરે સોલાર સ્માર્ટ મીટર લગાવવા ગયેલા વીજકર્મી પર ગ્રાહક દ્વારા હુમલો કરાતા મામલો પોલીસ સ્ટેશન પહોંચ્યો છે. વીજગ્રાહક દ્વારા વીજકર્મીને થપ્પડ માર્યાનો વીડિયો પણ સામે આવ્યો છે. આ મામલે વીજકંપનીના નાયબ ઈજનેર દ્વારા વીજગ્રાહક સામે ફરિયાદ નોંધાવવામાં આવી છે. સુરેન્દ્રનગરના રતનપર વિસ્તારમાં આવેલી સંજીવની સોસાયટીમાં રહેતા વીજગ્રાહકને ત્યાં ડેપ્યુટી એન્જિનિયર બાબુભાઈ પ્રજાપતિ અને ઈલેક્ટ્રિક આસિસ્ટન્ટ અલ્પેશભાઈ ચૌહાણ સોલાર સ્માર્ટ મીટર નાખવા માટે ગયા હતા.

# મોરબી પાલિકાના સેનેટરી ઈન્સ્પેક્ટરને વર્ના કારમાં આવેલ બે શખ્સો દ્વારા માર મરાયો

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી શહેરના સ્ટેશન રોડ ઉપર નગરપાલિકાના ગોડાઉનમાં ડીડીટી પાવડરની ગાડી માણસો દ્વારા ખાલી કરાવવા આવેલ પાલિકામાં કોન્ટ્રાક્ટબેઝ ઉપર ફરજ બજાવતા સેનેટરી ઈન્સ્પેક્ટર રોડ ઉપર પસાર થતા વાહનો ઉભા રાખવી ડીડીટી પાવડરની ગાડી રિવર્સ લેવડાવતા હોય ત્યારે વર્ના કાર ચાલક દ્વારા સેનેટરી ઈન્સ્પેક્ટરને ગાળો આપી ઝઘડો કરી કાર ચાલક તથા બાજુની સીટમાં બેઠેલા ઈસમ દ્વારા તેઓને ઢોર માર મારવામાં આવતા બંને અજાણ્યા ઈસમો સામે ફરિયાદ નોંધાવવામાં આવી છે. પ્રાપ્ત માહિતી મુજબ મોરબીના પંચાસર ગામે રહેતા અને મોરબી નગરપાલિકામાં કોન્ટ્રાક્ટ બેઝ ઉપર સેનેટરી ઈન્સ્પેક્ટર તરીકે ફરજ બજાવતા નિર્મળસિંહ ભરતસિંહ જાડેજા દ્વારા સીટી એ ડિવિઝન પોલીસ સમક્ષ સિવિલ હોસ્પિટલના બિછાનેથી વર્ના કાર રજી.નં. જીજે-૦૩-એલબી-૧૩૧૯ના ચાલક સહિત બે આરોપીઓ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે ગઈકાલે તા.૨૪/૯ ના રોજ પાલિકામાં ડીડીટી પાવડરની ગાડી આવેલ હોય જે સ્ટેશન રોડ ખાતે આવેલ ગોડાઉનમાં ખાલી કરાવવાની હોય જેથી માણસો લઈને સ્ટેશન રોડ ખાતે ગયા હતા ત્યારે ડીડીટી પાવડર ભરેલ ગાડી ગોડાઉનમાં જવા દેવા નિર્મળસિંહ રોડ ઉપર પસાર થતા વાહનો અટકાવી ગાડી રિવર્સ લેવડાવતા હોય ત્યારે ઉપરોક્ત વર્ના કાર ચાલક દ્વારા નિર્મળસિંહને ગાળો આપી હતી. જેથી નિર્મળસિંહે કાર ચાલકને ગાળો આપવાની ના પાડતા કાર ચાલક તથા કારમાં બેઠેલ અન્ય ઈસમ એમ બંને અજાણ્યા ઈસમો દ્વારા નિર્મળસિંહ સાથે બોલાચાલી ઝઘડો કરી બંને અજાણ્યા ઈસમો દ્વારા ઢોરમાર મારવામાં આવ્યો હતો ત્યારે નિર્મળસિંહ સાથેના માણસોએ વચ્ચે પડી વધુ મારમાંથી છોડાવ્યા હતા. ત્યારે મૂંઢ મારના અસહ્ય દુખાવાને કારણે નિર્મળ સિંહ સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ગયા હતા જ્યાંથી તેઓ દ્વારા વર્ના કારમાં સવાર બંને આરોપીઓ સામે ફરિયાદ નોંધાવી હતી.

# પ્રાચીન ગરબીમાં ઈંઢોણી સહિતના રાસ આકર્ષણ જમાવશે







**નવલા નોરતા ના આગમન ની ઘડી ઓ ગણાય રહી છે ત્યારે રાજકોટ થી સમગ્ર સૌરાષ્ટ્રમાં પ્રાચીન ગરબીઓમાં બાળો દ્વારા ગરબાની પ્રેક્ટિસ ની આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે રાજકોટમાં અનેક પ્રાચીન ગરબીઓ પ્રખ્યાત છે જેમાં ઈંઢોણી રાસ મસાલ રાસ ડાકલા રાસ ને જોવા લોકો દૂર દૂરથી આવે છે. અર્વાચીન રસોત્સવના ક્રેઝ વચ્ચે પણ પ્રાચીન ગરબા નુ આકર્ષણ જેમનું તેમ રહ્યું છે આજે રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં અનેક ગરબી મંડળો દર વર્ષે અવનવા રાસ રજૂ કરી લોકોનું મન જીતી રહ્યા છે.**



(તસ્વીરઃ આનંદ જાવિયા)

# જનતા રેડ બાદ બાંધકામોના ડિમોલીશન કરવા જતા કોર્પો. સ્ટાફ સાથે બઘડાટી બાદ અટકાયત

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટના વોર્ડ નં.૧૧માં આવેલા અંબિકા ટાઉનશીપ વિસ્તારમાં થોડા સમય પહેલા જનતા રેડમાં દારૂની ભઠ્ઠી પકડાઈ હતી. આ ગેરપ્રવૃતિ ચલાવતા ગેરકાયદે બાંધકામોનુ આજે સવારે ડિમોલીશન રાખવામા આવતા મકાનમાલિક સહિતના લોકોના ટોળા એકઠા થઈ ગયા હતા. તે બાદ વધારાની પોલીસ બોલાવાતા અને અન્ય આગેવાનો પણ પહોંચતા રકઝક વચ્ચે સવારે ડિમોલીશન રોકી દેવાયુ હતુ. આમ છતાં ગેરકાયદે બાંધકામ તોડવા કમિશ્નરે સૂચના આપી છે.

અંબિકા ટાઉનશીપ પાસે મહાનગરપાલિકા દ્વારા ડિમોલેશન ની પ્રક્રિયા હાથ ધરાતા ધમાલ મચી જવા પામી હતી આ અંગે આ ટાઉનશીપ પાસે રહેતા રહેવાસીઓ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે સ્ટેન્ડિંગ ચેરમેન જૈમીનભાઈ ઠાકર ના આદેશ બાદ ડિમોલિશન મહાનગરપાલિકા દ્વારા હાથ કરાયું છે અંગે રહેવાસીઓ







(તસ્વીરઃ આનંદ જાવિયા)

## અંબિકા ટાઉનશીપ વિસ્તારમાંથી દારૂના અડ્ડા પકડાયા બાદ સ્ટે. ચેરમેન ઠાકરે ઓપરેશન કરવા સૂચના આપી હતીઃ સ્થળ પર માલિકોના તંત્ર પર બેફામ આક્ષેપોઃ વધુ પોલીસ કાફલો પહોંચ્યો

સહિત પૂર્વ ધારાસભ્ય સિદ્ધાર્થ પરમારે પણ વિરોધ કર્યો હતો તેઓએ જણાવ્યું હતું કે મહા નગરપાલિકાના અનેક સોનાની લગડી જેવા પ્લોટ માં દબાણ કરવામાં આવ્યું છે પરંતુ વગ દારોને કારણે આ પ્લોટ માં ડિમોલિશન ની પ્રક્રિયા ધરાતી નથી બાદમાં સિદ્ધાર્થ પરમાર સહિતના અહીંના રહેવાસીઓની પોલીસ દ્વારા ધરપકડ કરાતા ધમાલ મચી જવા પામી હતી

થોડા સમય પહેલા સ્ટે. ચેરમેન જયમીન ઠાકર આ જગ્યાએ તપાસ પર ગયા હતા અને ત્યાં ગેરકાયદે બાંધકામ જોવા મળતા તેમણે લોકોની ફરિયાદ પરથી આ મકાનો તોડવા સુચના આપી હતી જેથી આજે સવારે ટીપી સ્ટાફ પહોંચતા ઘેરી લેવામા આવ્યો હતો. બાદમાં તાલુકા પોલીસ કાફલો પણ દોડી ગયો હતો. ગત તા.૨૧ સપ્ટે.ના રોજ સ્થાનિક લોકોએ દેશી દારૂના અડ્ડા પર જનતા રેડ કરી હતી. કોર્પો.ના પદાધિકારી અને અધિકારીઓએ આ અડ્ડાના બાંધકામ અંગે તપાસ કરતા તે ગેરકાયદે અને રસ્તા પર હોવાનુ ધ્યાને આવ્યુ હતુ. આમ છતાં આ બાંધકામોને નોટીસ આપી આસામીઓને જાણ કરવામાં આવી હતી. બાદમાં આજે ટીપીની ટીમ વીજીલન્સ પોલીસ સાથે પહોંચતા લોકોના ટોળા એકઠા થઈ ગયા હતા.

આ લોકોએ બુલડોઝર ફેરવવાનો વિરોધ કર્યો હતો અને બાંધકામ તોડવા દીધા નહતા. આથી તાલુકા પોલીસને જાણ કરવામા આવી હતી.

# ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા કણસાગરા કોલેજ તથા અરવિંદભાઈ મણિયાર શાળા રાજકોટમાં નશા મુકિત કાર્યક્રમ યોજાયો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા આયોજિત શ્રી કણસાગરા કોલેજ તથા અરવિંદભાઈ મણિયાર શાળામાં રાજકોટમાં નશા મુક્તિ કાર્યક્રમ યોજાયો ગુજરાત રાજ્ય યોગ બોર્ડના નશા મુક્તિ ભારત અભિયાન અંતર્ગત કણસાગરા કોલેજ તથા અરવિંદભાઈ મણીયાળ શાળા નશા મુક્તિ અંતર્ગત નો કાર્યક્રમ યોજાયો આ કાર્યક્રમમાં કણસાગરા કોલેજના સેંજલીયા સાહેબ તેમજ કોચ ચિંતનભાઈ દ્વારા માર્ગદર્શન અરવિંદભાઈ મણિયારના વર્ગના ટીચરો ૧૫૦ થી વધુ વિદ્યાર્થીઓ ની હાજરીમાં નશામાંથી મુક્તિ મેળવી યોગ કરી પોતાનું સ્વાસ્થ્ય સુધરે તે બાબતે કોડીનેટર દ્વારા સુંદર વક્તવ્ય આપવામાં આવ્યુ અને યોગ અને પ્રાણાયામ થી થતા ફાયદા પણ કહેવામાં આવ્યુ અને લાસ્ટમાં ખુબ સરસ મેડીટેશન કરાવવામાં આવ્યું

# આજી ડેમ ચોકડી પાસે બાઈકચાલકને મહિલા ટ્રાફિક વોર્ડને ફટકાર્યા





**રાજકોટમ આજી ડેમ ચોકડી નજીક એક મહિલા અને એક પુરુષ એક્ટિવા સાથે હતા, ત્યાં કોઈ મુદ્દે માથાકૂટ થતાં સ્થળ પર હાજર મહિલા ટ્રાફિક વોર્ડને લાકડી હાથમાં લઈ મહિલા અને પુરુષને તે લાકડી વીંઝવા લાગી હતી. ઘટનાને પગલે લોકોના ટોળાં એકઠા થઈ ગયા હતા અને કોઈએ વીડિયો ઉતારી લીધો હતો. મહિલા અને પુરુષે કદાચ ગુનાહિત કૃત્ય કર્યું હોય તો તેને પોલીસ સ્ટેશને લઈ જઈ કાયદા મુજબની કાર્યવાહી કરવાની હતી, પરંતુ અહીં તો મહિલા ટ્રાફિક વોર્ડને જ લાકડીઓ ફટકારી કાયદો હાથમાં લઈ લીધો હતો. કોઈ સામાન્ય લોકોનો વીડિયો ફરતો થાય તો તેની સામે કાર્યવાહી કરતી પોલીસ આ કેસમાં શું કરે છે તેના પર સૌની મીટ મંડાઈ છે.**

# અનાથ-અશકત-નિરાધાર વૃધ્ધોની સેવામાં લોકોને જોડાવવા આહવાન કરતા પૂ.પરમાત્માનંદ સરસ્વતી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

માનવ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ સદભાવના વૃધ્ધાશ્રમના લાભાર્થે રાજકોટ ખાતે તા.૨૩ નવે.થી તા.૧લી ડીસેમ્બર સુધી પૂ.મોરારીબાપુની વૈશ્વિક રામકથાનુ આયોજન થતા કથાની તડામાર તૈયારીઓ શરૂ થઈ ચૂકી છે. દેશ-વિદેશના ઉદ્યોગપતિઓ, શંકરાચાર્યો, સંતો, મહંતો સહિતના મહાનુભાવોને આમંત્રીત કરાયા છે. કથાના આયોજન અંગે આજરોજ પત્રકારોને માહિતગાર કરતા હિંદુ ધર્માચાર્ય મહાસભાના આંતરરાષ્ટ્રીય કન્વીનર અને સદભાવના વૃધ્ધાશ્રમના માર્ગદર્શન પૂ.પરમાત્માનંદ સરસ્વતીએ જણાવ્યુ હતુ કે આજે સમાજમાં સંયુકત કુટુંબો તૂટી જતા વૃધ્ધો જીવવુ દુષ્કર બન્યુ છે. સમાજમાં માતૃદેવો ભવઃ પિતૃ દેવો ભવઃની ભાવના લુપ્ત થઈ રહી છે. ત્યારે અશકત, નિરાધાર, અનાથ વૃધ્ધોને નિઃશુલ્ક સદભાવના આશ્રમમાં આશ્રય આપી તેમની સેવા કરવામાં આવી રહી છે. અનાથ, નિરાધાર, અશકત જેનુ કોઈ નથી એવા વૃધ્ધોની સેવામાં વધુને વધુ લોકો જોડાતા રહે એ આજના સાંપ્રત સમયની માંગ છે. રાજકોટ ખાતે યોજાનાર પૂ.મોરારીબાપુની રામકથા વૈશ્વિક સ્તરે લઈ જવાશે. કથા દરમ્યાન અનેક નવા પ્રકલ્પો જાહેર કરાશે. કથામાં પ્રજ્ઞાચક્ષુ, દિવ્યાંગો, થેલેસેમીયા પીડીતો માટે અલાયદી બેઠક વ્યવસ્થા રખાશે. કથાનો લાભ આસપાસના ગ્રામજનો લઈ શકે તે માટે ૧૦૦ જેટલી બસો દોડાવાશે. કથાના પ્રારંભના આગલા દિવસે ૨૫ કિ.,મી. લાંબી ભવ્ય આમંત્રણ રેલી યોજી શહેરીજનોને કથામાં પધારવા નોતરૂ અપાશે. વિદેશથી ૧૦ હજાર રામકથા પ્રેમીઓ કથા શ્રવણ કરાવવા પધારશે.




(તસ્વીરઃ આનંદ જાવિયા)

વધુમાં સદભાવના ટ્રસ્ટ દ્વારા વૃક્ષારોપણમાં ૩૦ લાખ વૃક્ષો વાવી તેનુ જતન કર્યુ છે. દેશની વસ્તીના ૧ ટકા લેખે વૃક્ષારોપણ કરવાનુ લક્ષ્ય છે ત્યારે સદભાવના ટ્રસ્ટના સેવા યજ્ઞમાં સમાજ પણ જોડાય તે જરૂરી છે. ટ્રસ્ટના વિજયભાઈ ડોબરીયાએ જણાવ્યુ હતુ કે રાજકોટમાં રેસકોર્સના આંગણે ૨૩ નવે.થી આરંભ થઈ રહે, આ ધર્મઉત્સવ સ્વરૂપ વૈશ્વિક રામકથાનુ રસપાન કરવાનો અમૂલ્ય લાભ વધુને વધુ લોકો લઈ શકે તે માટે વિશાળ ડોમ (કથા મંડપ) બનાવવાનુ આયોજન કરેલ છે. પ.પૂ. મોરારીબાપુની વ્યાસપીઠનુ સંપૂર્ણ સ્ટેજ ડેકોરેશન મર્યાદા પુરૂષાોતમ ભગવાન શ્રી રામને કેન્દ્રમાં રાખી કરાશે. જે સમગ્ર કથા મંડપનુ કેન્દ્ર બની રહેશે. સદભાવના વૃધ્ધાશ્રમની ટીમ દ્વારા દ્વારકા શારદાપીઠના શંકરાચાર્ય પૂ.સદાનંદ સરસ્વતીજીના વૈશ્વિક રામકથાના આયોજન અંગે આશીર્વાદ મેળવાયા છે.

# રાજકોટ પરાબજારમાં મહિલાએ રીક્ષા ચાલકની ધોલાઈ કરતો વિડિયો વાયરલ



**શહેરના પરાબજારમાં સાંજે કોઈ બાબતે એક મહિલા અને રિક્ષાચાલક વચ્ચે કોઈ બાબતે ઝઘડો થયા બાદ વાત મારામારી સુધી પહોંચી હતી. મહિલાએ રિચા ચાલકની ધોલાઈ કરી હતી જેનો વિડિયો કોઈએ રેકોર્ડ કરી વાયરલ કરી દેતા આ વીડિયો સોશિયલ મીડિયામાં જોરદાર વાયરલ થયો હતો. જો કે આ મામલે હજુ સુધી કોઈ પક્ષે પોલીસ ફરિયાદ નોંધાવી નથી. એ-ડીવીઝન પોલીસ મથક વિસ્તારમાં બનેલા આ બનાવનો વીડિયો વાઈરલ થયા બાદ હવે પોલીસ તપાસ કરી રહી છે.**

**MUKHYA SAMACHAR (DAILY EVENING)** Publisher, Editor, Printer & Owner : **RAJDEEPSINH MANOHARSINH ZALA,** Place of Publication : **4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat),** Printed At :**R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT**

